ઉત્તર ગુજરાતમાં ઘઉંના મબલખ ઉત્પાદનની આશા, ટેકાના ભાવે ખરીદી ક્યારે..??

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૫

ઉત્તર ગુજરાતમાં આ વર્ષે ઘઉંનું બમ્પર વાવેતર થયું છે. ૫ જિલ્લામાં ૩,૪૧,૯૪૦ હેક્ટર જમીનમાં વાવણી સંપન્ન થયા પછી શિયાળુ સીઝનમાં મુખ્ય પાક ગણાતા ઘઉંના પાકની સરકારી ખરીદીની જાહેરાત હજુ કરવામાં ન આવતાં ખેડૂતો અવઢવમાં મૂકાયા છે. સરકાર દ્વારા ટેકાના ભાવે ચણાની ખરીદી માટે નોંધણી શરૂ કરવામાં આવી છે પરંતુ સીઝનમાં જ ઘઉંના ટેકાના ભાવની ખરીદી માટેનાં કોઈ ઠેકાણાં ન હોવાથી ખેડૂતોમાં ચણભણાટ શરૂ થયો છે.

ખેડૂતોને ખેતીની સીઝનમાં પાક ઉપજના પોષણક્ષમ ભાવો મળે તે માટે સરકાર દ્વારા ટેકાના ભાવે પાક જણસની ખરીદી કરવામાં આવતી હોય છે. આ વખતે શિયાળાની શરૂઆત સાથે ખેડૂતોએ સારા ઉત્પાદનની આશા સાથે મુખ્ય પાક ઘઉંનું વાવેતર કર્યું હતું જેમાં ઉત્તર ગુજરાતના સાબરકાંઠા જિલ્લામાં સૌથી વધુ ૯૪,૧૩૯ હેક્ટર જમીનમાં ઘઉંનું વાવેતર થવાની સાથે ૫ જિલ્લામાં વાવેતરનો આંકડો ૩ લાખ હેક્ટરને પાર કરી ગયો છે. સંભવતઃ રીતે હવે સીઝન પૂર્ણ થવાની તૈયારીમાં છે અને ખેતરોમાં ઘઉંનો પાક તૈયાર થઈ ગયો હોવા છતાં સરકાર દ્વારા ટેકાના ભાવે ઘઉંની ખરીદીના આયોજનનો અભાવ સામે આવ્યો છે. સરકાર દ્વારા અગાઉ ચણા અને તુવરની ખરીદી માટે નોંધણી કેન્દ્રો શરૂ કરી દઈ ખરીદી માટેનો ધમધમાટ શરૂ કરવામાં આવ્યો છે. આ વર્ષે જળાશયોમાં પાણીની મહત્તમ આવકના કારણે ખેડૂતોની માંગ અનુસાર સિંચાઈ માટે પાણી છોડવામાં આવ્યું હતું અને સમયસર રાસાયણિક દવાઓના છંટકાવના કારણે ઘઉંનું બમ્પર ઉત્પાદન થવાની આશા ખેડૂતો રાખીને બેઠા છે પરંતુ સરકારે ચણાના ટેકાના ભાવ જાહેર કર્યા પછી ઘઉંના ટેકાના ભાવ જાહેર કરવામાં દેખીતો વિલંબ કર્યો છે જેના કારણે ખેડૂત સંગઠનો પણ નારાજ જણાઈ રહ્યા છે. સરકાર દ્વારા ઘઉંની ખરીદીની તત્કાલ જાહેરાત કરવામાં નહીં આવે તો ખેડૂત સંગઠનો દ્વારા આ મુદ્દે સરકાર સામે બાંયો ચઢાવવાની તૈયારીઓ થઈ રહી છે.

૫ જિલ્લામાં ૩.૪૧ લાખ હેક્ટર જમીનમાં ઘઉંનું વાવેતર

જિલ્લો	વાવેતર (હેક્ટરમાં)
સાબરકાંઠા	૯૪,૧૩૯
મહેસાણા	૭૧,૭૫૧
અરવલ્લી	૭૦,૭૯૪
બનાસકાંઠા	૬૯,૦૯૯
પાટણ	૩૬,૧૫૭

ઈડર તાલુકાના પૂર્વ પટ્ટામાં બટાકા કાઢવાનો ધમધમાટ

શરૂઆતમાં સારા ઉત્પાદનથી ખેડૂતો મલકાયા, બટાકાના ઢગથી ખેતરો ઉભરાશે

ઈડર (બ્યુરો ઓફિસ) તા.૦૫

ઈડર તાલુકાના પૂર્વ પટ્ટામાં બટાકા કાઢવાનો ધમધમાટ ખેતરોમાં શરૂ થયો છે. ૯૦ દિવસથી ૧૧૫ દિવસના સમયગાળામાં બટાકાનો પાક તૈયાર થઈ ગયો છે જેમાં શરૂઆતમાં સારા ઉત્પાદનથી ખેડૂતો મલકાયા છે. રવી સીઝનમાં બટાકાની

કામગીરી જે રીતે શરૂ થઈ છે તે જોતાં આગામી ટૂંક સમયમાં જ બટાકાના ઢગથી ખેતરો ઉભરાશે તેવી આશા ખેડૂતોએ વ્યક્ત કરી છે.

છેલ્લા કેટલાક સમયથી પરંપરાગત ધાન્ય પાકોનું વાવેતર કરતા ખેડૂતોને સીઝનમાં પોષણક્ષમ ભાવો મળતા નથી જેથી મોટાભાગના ખેડૂતો શિયાળુ સીઝનમાં બટાકાની ખેતી ઉપર વધુ ભાર મૂકતા હોય છે. આ વર્ષે ઉત્તર ગુજરાત સહિત ઈડર તાલુકાના પૂર્વ પટ્ટાના ખેડૂતોએ બટાકાનું મોટાપાયે વાવેતર કર્યું હતું તાલુકાના ચિત્રોડા, મોટાકોટડા, પોશીના, મેસણ, રૂવચ, કાનપુર, ગોધમજી, કડીયાદરા અને ચોરીવાડ જેવા ગામના ખેડૂતોએ બટાકાનું વાવેતર કર્યા પછી પાક માટે અનુકુળ ઠંડીની જમાવટ રહી હતી. બટાકાના પાક ઉત્પાદનની સમય મર્યાદા પૂર્ણ થતાં આ વિસ્તારના ખેડૂતોએ હવે બટાકા કાઢવાની કામગીરીનો આરંભ કર્યો છે. બટાકાનું બમ્પર ઉત્પાદન થાય તે માટે ખેડૂતોએ સમયસર સિંચાઈનાં પાણી તેમજ ખાતર-બિયારણ આપી પાકની માવજત કરી હતી પરંતુ થોડાક સમય અગાઉ વાતાવરણમાં આવેલા બદલાવને કારણે બટાકાના પાક માટે વિષમ માહોલ જણાયો હતો જેથી ઉત્પાદન અંગે ખેડૂતો ચિંતિત બન્યા હતા. તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં બટાકાનો પાક તૈયાર થયા પછી વધુ ને વધુ ખેડૂતોએ બટાકા કાઢવાની કામગીરી શરૂ કરી છે જેના કારણે ખેતસીમાડા ધમધમી ઉઠ્યા છે. આ વર્ષે તાલુકાના પૂર્વ પટ્ટામાં બટાકાનું બમ્પર ઉત્પાદન થવાની આશા ખેડૂતોએ વ્યક્ત કરી છે.

બાયડ માર્કેટયાર્ડમાં ખેતપેદાશની આવક ઘટતાં શ્રમજીવીઓ બેરોજગાર

આવનારા દિવસો વધુ મુશ્કેલ બને તેવી આશંકા

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૫

બાયડ માર્કેટયાર્ડમાં ખેતપેદાશની આવક ઘટતાં કેટલાય શ્રમજીવીઓએ રોજગારી ગુમાવી છે. ખેતપેદાશની આવકથી ધમધમતું બાયડ માર્કેટયાર્ડ બપોર થતાં સૂમસામ બની જાય છે. જેથી

આવનારા દિવસોમાં શ્રમજીવીઓની મુશ્કેલી વધવાની આશંકા સેવાય છે.

દેશમાં ખેડૂત આંદોલનના ઉગ્ર પડઘા પડવાની સાથે ખેડૂતોને ગુમરાહ કરાય છે તેવો લોકમત પ્રવર્તિ રહ્યો છે. ત્યારે તૈયાર પાક ઉપજ વેચવા માટે ખેડૂતોની પ્રથમ પસંદગી આજે પણ માર્કેટયાર્ડ હોય છે. ખેડૂતો યોગ્ય પોષણક્ષમ ભાવ મળે ત્યાં ખેતપેદાશ વેચવાનું પસંદ કરતા હોય છે. જિલ્લાના ૧૩ મુખ્ય માર્કેટયાર્ડમાં ખેતપેદાશના અલગ અલગ ભાવથી ખેડૂતો અનેક વખત વિચલિત થયા છે અને હોબાળા પણ મચાવ્યા છે. ખેડૂતો હવે અભ્યાસુ બન્યા પછી પોતાની ખેતપેદાશ ક્યાં વેચવી તેનો નિર્ણય કરવા સક્ષમ બની ગયા છે. ત્યારે છેલ્લા કેટલાક દિવસથી બાયડ માર્કેટયાર્ડમાં ખેતપેદાશની આવકમાં નોંધપાત્ર ઘટાડો જોવા મળ્યો છે. અગાઉના સમયમાં સવારથી જ ગ્રામ્ય વિસ્તારમાંથી ખેડૂતો ટ્રેક્ટર, બળદગાડાં, ઊંટલારી, છકડા અને રીક્ષા મારફતે ખેતપેદાશ વેચવા માટે બાયડ માર્કેટયાર્ડમાં આવતા જેના કારણે માર્કેટયાર્ડ ધમધમતું અને તેની સીધી અસર બજારમાં જોવા મળતી પરંતુ માર્કેટયાર્ડમાં ખેતપેદાશની આવક ઘટી છે જેના કારણે કેટલાય શ્રમજીવીઓને બેરોજગારોનો અનુભવ થઈ રહ્યો છે. કેટલાક બેરોજગારોએ જણાવ્યું કે બાયડ માર્કેટયાર્ડમાં ખેતપેદાશની આવક ઓછી થઈ છે અને ઘરનું ગુજરાન ચલાવવા માટે યોગ્ય આવક ન હોય તો મુશ્કેલ પડે છે આ સંજોગોમાં હવે અન્ય વિકલ્પ વિચારી રહ્યા છીએ.

ધાનેરાના વેપારીને એન્ટિક વસ્તુમાં રોકાણ મોંઘું પડ્યું

ધાનેરા તાલુકાના વેપારી સાથે ત્રણેક વર્ષ અગાઉ શરૂ થયેલી ઘટનાનો અંત અત્યંત ચોંકાવનારો બન્યો હોવાનું પ્રકાશમાં આવ્યુ છે. વેપારી મિત્રોએ મોંઘોદાટ કાચ ખરીદવાના ભાગરૂપે રોકાણ કરાવવા આગ્રહ કર્યો હતો. જેથી વિદેશમાં રહેલાં આ કાચમાં રોકાણ કરવામાં આવે તો ઝડપથી સુખી થવાની વાત કરી હતી. આથી વેપારી મિત્રોએ નાનામેડા ગામના વેપારી પાસેથી ૪ વર્ષમાં અધધધપ.. રકમ મેળવી લીધી હતી. સરેરાશ દોઢ કરોડ જેટલું રોકાણ કરાવી વિશ્વાસ અપાવવા મહારાષ્ટ્ર પોલીસ સહિતના બનાવટી કાગળો ઉભા કર્યા હતા. આ તમામ ગતિવિધિને અંતે મોંઘાદાટ કાચ દ્વારા નફો નહીં મળતાં છેતરાયાં હોવાનો ઘટસ્ફોટ થયો હતો. મોટી છેતરપિંડી થઈ હોવાનો ખ્યાલ આવતાં પીડિત વેપારીએ તેના ૨ વેપારી મિત્રી અન્ય ૨ ઈસમો સહિત ૪ વિરૂધ્ધ ગુનો નોંધાવ્યો છે.

ચૂંટણી ગરમાવો : બાયડ નજીકની હોટલ પાસેથી કાર્યકરને ઉઠાવતાં હંગામો

આવનારા દિવસમાં બાયડ પાલિકાનો જંગ તોફાની બનવાની દહેશત

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૫

બાયડ પાલિકાની ચૂંટણી નજીક આવતાં ગરમાવો જોવા મળ્યો છે. ગત રોજ બાયડ નજીકની હોટલ પાસેથી એક રાજકીય પક્ષના કાર્યકરને રીક્ષામાં બેસાડીને ઉઠાવવાનો પ્રયાસ થતાં હંગામો મચી ગયો હતો. જો કે મામલો તાબડતોબ દબાવી દેવામાં આવ્યો છે પરંતુ આવનારા દિવસોમાં બાયડ પાલિકાનો જંગ તોફાની બનવાની દહેશત છે. મતદારોએ મૌન સેવી લીધા પછી કેટલાય કાર્યકરો જે તે પક્ષથી મોં ફેરવી લઈ અન્યની બેઠકમાં હાજરી આપતાં આગામી દિવસોમાં બાયડ પાલિકા વિસ્તારમાં ચૂંટણી જંગ લોહીયાળ તો નહીં બને ને..?? તેવી દહેશત પ્રવર્તિ રહી છે.

ચૂંટણી જંગ માણવો હોય તો બાયડમાં જઈ આવો..આવું દરેક સ્થળે લગભગ સાંભળવા મળે છે.

કેટલાક આગેવાનોએ તો સિદ્ધાંત લેવલ મૂકી પોતાની સત્તા કેવી રીતે બચાવી શકાય..?? તેના પ્રયાસો કરેલા છે પરંતુ હવે સમય બદલાયો છે. યુવા મતદારોમાં પણ હવે કોણ વિકાસ કરશે, કોણ વિકાસ નહીં કરે, કોણ ખિસ્સા ભરવા માટે આવ્યું છે તેની આપો આપ સમજ કેળવી લીધી છે. જેના કારણે બાયડ પાલિકાના તમામ ૬ વોર્ડની ૨૪ બેઠકો ઉપર આરપારનો જંગ થશે તેવું ગણિત અત્યારે મૂકાય છે પરંતુ આ બધા ગણિત વચ્ચે પોતાની હાર ભાળી ગયેલા કેટલાક લોકોએ બાયડ પાલિકામાં બધું સમરસ થઈ જશે તેવા ગપગોળા નાખવાના શરૂ કર્યા છે ત્યારે ચોક્કસ રાજકીય પક્ષના કાર્યકરો બાયડ નજીકની હોટલમાં કોઈ કામ માટે ભેગા થયા હતા તે સમય દરમ્યાન અન્ય પક્ષનો કાર્યકર્તા ત્યાં આવ્યો હોવાની જાણ થતાં જ કેટલાક લોકો હોટલ આગળ પહોંચ્યા અને કાર્યકરને ખેંચીને લઈ જતાં આ દ્રશ્યોએ અનેકને અકળાવી દીધા છે. ભાજપ, કોંગ્રેસ કે અન્ય રાજકીય પક્ષના કોઈપણ કાર્યકર હોય પરંતુ પોતે સારા વિકાસના કામો કર્યા હોય તો ચૂંટણી સમયે વિચલિત થવાની જરૂર શું છે..??

હિંમતનગર પોલીસે એ.ટી.એમ. મશીનમાંથી પૈસા ચોરતી મેવાતી ગેંગના સાગરીતને ઝડપ્યો

૩ જિલ્લામાં ૭.૫૫ લાખની ચોરીને અંજામ આપ્યો હતો

હિંમતનગર (બ્યુરો ઓફિસ) તા.૦૫

છેલ્લા કેટલાક સમયથી એ.ટી.એમ. મશીનમાંથી ચોરી

લેવાના કેસમાં વધારો થયો છે ત્યારે હિંમતનગર બી-ડીવીઝન પોલીસે એ.ટી.એમ. મશીનમાં પૈસા ચોરતી મેવાતી ગેંગના સાગરીતને ઝડપી લીધો છે અને પૂછપરછમાં હિંમતનગર, ગાંધીનગર તથા આણંદમાં પણ ચોરીના ગુનાને અંજામ આપ્યાનું કબુલ્યું છે. ૩ જિલ્લામાં મેવાતી ગેંગના સાગરીતે રૂા.૭,૫૫,૦૦૦ની વધુની ચોરીને અંજામ આપ્યો હતો.

જિલ્લામાં ખાસ કરીને મોંડી રાત્રે એ.ટી.એમ. મશીન તોડીને કે પછી કેમેરા ઉપર સ્પ્રે છાંટીને તેમાંથી પૈસા ચોરવાની સાજીશને ટોળકી સફળ બનાવતી હતી. ડેમાઈ, બાયડ, ધનસુરા, મોડાસા, હિંમતનગર સહિતના અનેક વિસ્તારોમાં એ.ટી.એમ. મશીનમાંથી પૈસા ચોરતી ઈરાની ગેંગ તેમજ મેવાતી ગેંગના કેટલાક સાગરીતોને પોલીસે અગાઉ ઝડપ્યા પછી પણ મુદ્દામાલ રીકવર થયો નથી. મોટાભાગના કિસ્સાઓમાં પોલીસની કામગીરી પણ શંકામાં છે કારણ કે આવી ગેંગના સાગરીતોને લૉકઅપમાં જે રીતે વ્યવસ્થા થતી હતી તે શંકા પ્રેરક હતી ત્યારે હિંમતનગર બી-ડીવીઝન પોલીસ સ્ટેશનની હદમાં થોડા સમય અગાઉ પંજાબ એન્ડ સીંધ બેન્કના એ.ટી.એમ. કાર્ડનો ઉપયોગ કરી એ.ટી.એમ. મશીનમાંથી રૂા.૫,૮૬,૫૦૦ની ચોરી થઈ હતી. જેથી જિલ્લા પોલીસ વડાના માર્ગદર્શન હેઠળ બી-ડીવીઝન પી.આઈ., એ.વી.જોષી તથા ડી. સ્ટાફે આરોપીઓની પકડી લેવા માટે જાળ બિછાવી હતી.

જેમાં હિંમતનગર શહેરી વિસ્તારમાં હરિયાણા પાર્સિંગની વેગન કાર શંકાસ્પદ હાલતમાં ફરતી હોવાની બાતમી આધારે પોલીસે શંકાસ્પદ કારને થોભાવી પૂછપરછ કરતાં પોતે સલીમ જફરૂદ્દીન અબ્દુલરહેમાન (રહે. ચહલકાગામ, હરિયાણા)નો હોવાનું જણાવ્યું હતું. પોલીસે શંકાસ્પદ ઈસમને પોલીસ સ્ટેશનમાં આવી આગવી સરભરા કરતાં તે પડી ભાંગ્યો હતો અને વિવિધ સ્થળે એ.ટી.એમ. કાર્ડનો ઉપયોગ કરી લાખો રૂપિયા સેરવી લીધાનું કબુલ્યું છે.

આવી રીતે ગુનો આચરે છે..

બાયડ : મેવાતી ગેંગના સાગરીતે પોતે કેવી રીતે ગુનાને અંજામ આપે છે તે બાબતે પોલીસને જણાવ્યું કે ગેંગ ખાસ કરીને ડી-બોલ્ડ કંપનીના એ.ટી.એમ. મશીનને ટાર્ગેટ કરે છે અને તેમાંથી પૈસા ઉપાડી લેવામાં આવે છે. અત્યાર સુધીમાં તેઓએ હિંમતનગર ઉપરાંત ગાંધીનગરના ઈન્ફોસીટી વિસ્તાર અને આણંદમાંથી ગુનાને અંજામ આપ્યો છે.

મેવાતી ગેંગના વોન્ટેડ આરોપી

સમીમ મહેમુમ અબ્દુલરહેમાન, રહે.ચહલકાગામ, હરિયાણા
નસીમ નસરૂદ્દીન ઉર્ફે નસુ, રહે.તહલકાગામ, હરિયાણા
નોમાન ખુરશેદ, રહે.શુધ, હરિયાણા

કઈ સામગ્રી કબજે કરાઈ

- રૂા.૨ લાખની કિંમતની વેગનકાર
- રૂા.૨૦૦ તથા ૫૦૦ના દરની નોટ મળી કુલ રૂા.૯૦૦૦
- અલગ અલગ બેન્કના ૧૫ એ.ટી.એમ. ડીબેટ કાર્ડ
- એ.ટી.એમ. મશીન ખોલવા માટે ઉપયોગમાં લેવાતું સ્ક્રૂ ડ્રાઈવર તથા બે સફેદ ધાતુની ચાવી
- કી-પેઈડ, સ્માર્ટ મોબાઈલ મળી રૂા.૧૨ હજારનો મુદ્દામાલ.

માલપુરમાં ખુશાલી, ગામની પુત્રવધુને વડોદરા કોર્પોરેશનની ભાજપની ટીકીટ

માલપુર, તા.૦૫

મહાનગરપાલિકાઓની ચૂંટણીમાં ભાજપે અનેક જુના જોગીયોને વેતરી નાખતાં રોષ સામે આવ્યો છે. પરંતુ અરવલ્લી જિલ્લાના માલપુરમાં ભાજપની ટીકીટ વહેંચણીના કારણે ખુશાલી જોવા મળી છે. ગામની પુત્રવધુ ઋચિબેન કેતનકુમાર પ્રાણલાલ શેઠને વડોદરા કોર્પોરેશનમાં ભાજપે ચૂંટણી જંગના મેદાનમાં ઉતારતાં વૈષ્ણવ સમાજ સહિત માલપુરમાં ખુશાલી જોવા મળી હતી. ગામના બુઝર્ગોએ પુત્રવધુ સર્વાધિક મતે વિજયી બની વડોદરા મહાનગરના વિકાસની સહભાગી બને તેવી શુભકામનાઓ પાઠવી હતી.

સાબરકાંઠા, અરવલ્લી પોલીસે ૪૨ વોન્ટેડ આરોપીઓને ઝડપ્યા

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૫

સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી યોજાવવાની છે જેથી લાંબા સમયથી વોન્ટેડ જાહેર કરાયેલા ગુનેગારોને ઝડપી લૉકઅપમાં ધકેલવા પોલીસની સ્પેશ્યલ ડ્રાઈવ શરૂ થઈ છે. સાબરકાંઠા, અરવલ્લી પોલીસે પોલીસની સ્પેશ્યલ ડ્રાઈવ હેઠળ ૪૨ વોન્ટેડ આરોપીઓને દબોચી લઈને જેલ ભેગા કર્યા છે. જ્યારે હજુ પણ વોન્ટેડ અનેક આરોપીઓને શોધવા માટે એલ.સી.બી., એસ.ઓ.જી. સહિત સ્થાનિક પોલીસે જોર લગાવ્યું છે.

સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી ઉપર અસામાજીક તત્વોની મોટી પકડ હોય છે. જેથી ચૂંટણી અગાઉ મતદારો ઉપર ધાકધમકી કરે તેવા દારૂના બુટલેગરો, માથાભારે તત્વો અને અગાઉના ગુનામાં સંડોવાયેલા હોય તેવા ખાસ કરીને વોન્ટેડ આરોપીઓને ઝડપી લેવા માટે રાજ્યના પોલીસ મહાનિર્દેષક દ્વારા ગુજરાત પોલીસની સ્પેશ્યલ ડ્રાઈવ જાહેર કરવામાં આવી છે. જેમાં સાબરકાંઠા એલ.સી.બી.એ સ્પેશ્યલ ડ્રાઈવ હેઠળ કુલ-૧૨ આરોપીઓને દબોચીને જેલના સળીયા પાછળ ધકેલ્યા છે. અરવલ્લી એલ.સી.બી.એ અત્યાર સુધીમાં ૩૦ વોન્ટેડ આરોપીઓને ઝડપ્યા છે અને હજુ પણ વોન્ટેડ હોય તેવા અનેક આરોપીઓની પોલીસે સઘન શોધ શરૂ કરી છે.

સાબરકાંઠા પોલીસને બગાસુ ખાતાં પતાસુ મળ્યું

હિંમતનગરમાં બાઈકના કાગળ માંગતાં વાહન ચોરીનો ભાંડો ફૂટ્યો

૬ વાહન ચોરીના ભેદ ઉકેલાયા, ખાખી વર્દીના ગ્રહો સુધર્યા

બાયડ, હિંમતનગર (બ્યુરો ઓફિસ), તા.૦૫

સાબરકાંઠા પોલીસના લલાટે ફેબ્રુઆરીના આરંભથી જ સફળતા

હાથ લાગી છે. સાબરકાંઠા એસ.ઓ.જી.ને બગાસુ ખાતાં પતાસુ મળ્યું હોય તે રીતે વાહન ચેકીંગ દરમ્યાન બાઈક ચાલક પાસે કાગળ માગ્યા અને આશ્ચર્ય વચ્ચે ૬ જેટલા વાહન ચોરીના ગુનાના ભેદ ઉકેલાતાં એલ.સી.બી. અને એસ.ઓ.જી. વચ્ચે વાહન ચોરીના ભેદ ઉકેલવામાં રીતસરની હોડ જામી છે.

પ્રાપ્ત જાણકારી અનુસાર એસ.ઓ.જી. પી.આઈ., વાય.જે.રાઠોડના માર્ગદર્શન હેઠળ ટીમ વાહનોનું સઘન ચેકીંગ કરી રહી હતી ત્યારે હિંમતનગર બસ સ્ટેશન પાસે કાળુસિંહ જગતસિંહ મકવાણા (રહે.વાવડી, તા.હિંમતનગર) બાઈક લઈને પસાર થઈ રહ્યો હતો. પોલીસે રૂટીનમાં તેને થોભાવી વાહનના દસ્તાવેજ માંગતાં પોતાની પાસે કોઈ દસ્તાવેજ ન હોવાનું જણાવ્યું હતું. ત્યારબાદ બાઈક ચાલકની અટક કરી યોગ્ય સરભરા સાથે પૂછપરછ હાથ ધરતાં મિત્રો સાથે ભેગા મળી બાઈક, ટ્રેક્ટર ટ્રોલી તથા સ્કૂટર ચોર્યાં હોવાનું કબુલી લીધું છે. પોલીસ તપાસ દરમ્યાન તેનો ભાઈ ઉપરાંત મિત્ર વિજયસિંહ કળવુંસિંહ મકવાણા પણ ખેડબ્રહ્માથી ચોરેલી બાઈકમાં સંડોવાયાનું જણાવ્યું છે એક રીતે પોલીસ સમક્ષ વાહન ચોરે વટાણા વેરી દેતાં વાહન ચોરીના ભેદ સામે આવ્યા છે.

દુઃખદ અવસાન

સાબરકાંઠા જિલ્લા ભાજપ સંગઠન કારોબારી અધ્યક્ષ જનકસિંહ જેતાવત અને ભારતસિંહ જેતાવતનાં માતૃશ્રી સંતોકબા છગુસિંહજીનું નિધન થતાં સ્વર્ગસ્થની અંતિમ યાત્રામાં અનેક લોકો જોડાયા હતા. સદ્‌ગતનું બેસણું ૭ ફેબ્રુઆરી, રવિવારે ૧૦ થી ૫ તેમના નિવાસસ્થાન અંકોલા, ઈડર ખાતે રાખેલ છે.